ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
- TATA Durashine કલરકોટેડ પતરા
- TATA ગેલ્વેનાઇઝના પતરા
- JSW | મોરછાપ | Colouron+ પતરા
- JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
- ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
- સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા | સ્ક્રુ
- પોલીકાર્બોનિટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ

દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ બીજ મંગળવાર ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૮૬

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# ભારત-અમેરિકા વચ્ચે આખરે વેપાર કરાર

## ટેરિફ ઘટાડીને 18 ટકા



**વડાપ્રધાન** મોદી સાથે ટેલિફોનિક વાતચીત કર્યા બાદ અમેરિકી પ્રમુખે જાહેરાત કરી વિદેશ મંત્રી આજથી અમેરિકાની મુલાકાતે

**અમેરિકા** ભારતીય સામાન પરનો ટેરિફ 25%થી ઘટાડીને ૧૮ ટકા કરશે, જ્યારે ભારત અમેરિકી સામાન પરના ટેરિફ શૂન્ય કરવા આગળ વધશે એવો ટ્રમ્પનો દાવો, આ કરાર મોદીની વિનંતીને આધારે કરવામાં આવ્યો હોવાનો પણ દાવો

**આ દાવાઓ** અંગે ભારત તરફથી તત્કાળ કોઇ પ્રતિભાવ નહીં

**નવી દિલ્હી, તા. 2 (PTI):** ભારત અને અમેરિકા વચ્ચે એક વ્યાપારી સમજૂતી સધાઈ છે, જેના હેઠળ વોશિંગ્ટન ભારતીય માલસામાન પરના પરસ્પર ટેરિફને વર્તમાન 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરશે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

...અનુસંધાન પાના 13 પર

### મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો પણ 'ટ્રેડ ડીલ' શબ્દ ટાળ્યો

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ભારત સાથે અમેરિકાની વેપાર સમજૂતી થઇ હોવાની જાહેરાત કરાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો હતો પરંતુ તેમણે વેપાર કરારનો કોઇ ઉલ્લેખ કર્યો ન હતો. વડાપ્રધાને આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મેડ ઇન ઇન્ડિયા વસ્તુઓ પર હવે ટેરિફ ઘટાડીને 18 ટકા કરવામાં આવશે. ટ્રેડ ડીલનો સીધો ઉલ્લેખ કર્યા વગર મોદીએ 'X' પર પોસ્ટ કર્યું કે, આ અદભૂત જાહેરાત બદલ ભારતની 1.4 અબજની જનતા વતી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો ખૂબ ખૂબ આભાર. પોતાની ટિપ્પણીમાં મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે વિશ્વના બે મોટા અર્થતંત્રો અને

...અનુસંધાન પાના 13 પર

### ટ્રમ્પે ઈન્ડિયા ગેટનો ફોટો શેર કર્યો, આવું જ સ્મારક વોશિંગ્ટનમાં બનાવશે

**ન્યૂયોર્ક.** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નવી દિલ્હીમાં સ્થિત ઈન્ડિયા ગેટના વખાણ કરતા તેને 'ભારતની સુંદર વિજયી કમાન' (ટીરુમ્ફલ આર્ક) ગણાવ્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર ઈન્ડિયા ગેટની તસવીર શેર કરતા જાહેરાત કરી હતી કે, અમેરિકા પણ આવું જ એક સ્મારક બનાવશે જે 'વિશ્વમાં સૌથી ભવ્ય' હશે. નોંધનીય છે કે, 42 મીટર ઊંચો ઈન્ડિયા ગેટ પ્રથમ વિશ્વયુદ્ધ અને અફઘાન યુદ્ધમાં બ્રિટિશ સૈન્ય તરફથી લડતા શહીદ થયેલા 70,000 ભારતીય સૈનિકોની યાદમાં બનાવવામાં આવેલો એક 'આર્ક-દી-ટ્રાયમ્ફ' છે. ટ્રમ્પે પત્રકારો




### ભારત-અમેરિકા ટેરિફ ટાઈમલાઈન (2025-2026)

**2 એપ્રિલ 2025:** અમેરિકાએ ભારત પર 10% બેસલાઈન ટેરિફ લગાવ્યો.
**5 એપ્રિલ 2025:** ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર 26% ટેરિફ લાદવાની જાહેરાત કરી.
**9 એપ્રિલ 2025:** અમેરિકાએ 90 દિવસ માટે ટેરિફ હટાવવાની જાહેરાત કરી.
**10 જુલાઈ 2025:** ભારતે WTOમાં 32,000 કરોડની જવાબી ડ્યુટી (Retaliatory Duty)નો પ્રસ્તાવ મૂક્યો.
**31 જુલાઈ 2025:** અમેરિકાએ ભારત પર 25% રેસિપ્રોકલ ટેરિફ લગાવવાની જાહેરાત કરી.
**1 ઓગસ્ટ 2025:** ભારત પર 25% રેસિપ્રોકલ ટેરિફ લાગુ થયો.

...અનુસંધાન પાના 13 પર

### કોંગ્રેસનો કટાક્ષ: "આ તમામ સોદાઓનો બાપ નથી

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર મુદ્દે કોંગ્રેસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. પ્રમુખ ટ્રમ્પ દ્વારા પરસ્પર ટેરિફ 25% થી ઘટાડીને 18% કરવાની જાહેરાત બાદ, કોંગ્રેસ નેતા જયરામ રમેશે તેને પીએમ મોદીનું 'શરણાગતિ'

...અનુસંધાન પાના 13 પર

### વેપાર કરાર છતાં ભારતની 8.3 અબજ ડોલરની નિકાસ પર હજુ પણ લાગશે ઊંચો ટેરિફ

વોશિંગ્ટન, તા. 2: ભારત અને અમેરિકા વચ્ચેના નવા વેપાર કરાર અમલમાં આવ્યા હોવા છતાં, ભારતની અમેરિકા ખાતેની નિકાસના લગભગ 10 ટકા હિસ્સા પર હજુ પણ

...અનુસંધાન પાના 13 પર

તા. ૦૨-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૩.૬° સે. | ૧૯.૬° સે. | ૫૪% |

## નાયગ્રા ધોધ થીજી ગયો...



● અમેરિકા અને કેનેડાની સરહદે આવેલો વિશ્વ પ્રસિદ્ધ ધોધ નાયગ્રા હાલની ઉત્તર અમેરિકા ખંડની સખત ઠંડીને કારણે થીજી ગયો છે અને તેના કારણે અદભૂત નયનરમ્ય દ્રશ્યો સર્જાતા સખત ઠંડી હોવા છતાં આ નજારાઓ જોવા ઘણા પર્યટકરો ત્યાં ઉમટી પડ્યા હતા. ઠંડીના અતિશય પ્રકોપ છતાં, પર્યટકો આંશિક રીતે થીજી ગયેલા નાયગ્રા ફોલ્સના નજારાને માણવા માટે ઉમટી રહ્યા છે, અને મુલાકાતીઓ શિયાળાના આ અદભૂત દ્રશ્યને એક અત્યંત આકર્ષક નજારો ગણાવીને તેના વખાણ કરી રહ્યા છે. ધોધ પર જામી ગયેલ બરફના આકારો, થીજી ગયેલા વૃક્ષો અને આંશિક રીતે થીજી ગયેલા પાણીએ સ્થાનિકો અને આંતરરાષ્ટ્રીય પર્યટકો સહિત તમામ જોનારાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ ધોધ આંશિક રીતે થીજી ગયો છે અને તેના ઉપરથી પડતા બરફયુક્ત પાણીના પ્રવાહને કારણે હવામાં ઝીણી ઠંડી બરફની છીણ પણ ઉડી રહી છે.

## એર ઈન્ડિયાની ફ્લાઈટમાં 'અમદાવાદ કેસ' જેવી જ ખામી: ડ્રીમલાઈનર વિમાન ગ્રાઉન્ડેડ



**ફ્યુઅલ** કંટ્રોલ સ્વીચ 'રન' પોઝિશનમાં રહેવાને બદલે બે વાર આપોઆપ 'કટઓફ' મોડ પર આવી ગઈ હતી

**નવી દિલ્હી, તા. 2 (PTI):** લંડનના હીથ્રો એરપોર્ટથી બેંગલુરુ આવેલી એર ઈન્ડિયાની બોઈંગ 787 ડ્રીમલાઈનર ફ્લાઈટની (એઆઈ 132) ફ્યુઅલ કંટ્રોલ સ્વીચમાં ગંભીર ખામી સર્જાતા આ વિમાનને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું. એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, એન્જિન સ્ટાર્ટઅપ દરમિયાન ડાબી બાજુની ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ 'રન' પોઝિશનમાં રહેવાને બદલે બે વાર આપોઆપ 'કટઓફ' મોડ પર આવી ગઈ હતી.

નિષ્ણાતો મુજબ આ એક ખામી છે જેના કારણે ચોક્કસ પરિસ્થિતિઓમાં, ફ્લાઈટમાં અજાણતા એન્જિન બંધ થઈ શકે છે.

પાયલોટ દ્વારા આ ખામીની જાણ કરાયા બાદ તકેદારીના ભાગરૂપે વિમાનને સેવામાંથી હટાવી દેવાયું છે અને મૂળ ઉત્પાદક (ઓઈએમ)ને તપાસમાં સામેલ કરવામાં આવ્યા છે. આ મામલે નાગરિક ઉડ્ડયન નિયામક ડીજીસીએને પણ જાણ કરવામાં આવી છે.

'રન' અને 'કટ ઓફ' એન્જિનને ક્રમશઃ શરૂ અથવા બંધ કરવા માટે કરાય છે. જોકે એ જાણવા નથી મળ્યું કે ફ્લાઈટના કયા તબક્કામાં પાયલટ સ્વીચની ખામીની નોંધ લીધી હતી.

...અનુસંધાન પાના 13 પર

## રાહુલે ભૂતપૂર્વ સૈન્ય વડા નરવણેનાં અપ્રકાશિત સંસ્મરણો ટાંકતા લોકસભામાં હોબાળો

# રાહુલ ગાંધી: ચીન ઘૂસી આવ્યું ત્યારે 56ની છાતીનું શું થયું?

**ભૂતપૂર્વ લશ્કરી વડા નરવણેની હજી પ્રકાશિત નહીં થયેલ સંસ્મરણીકામાંના અવતરણો વિપક્ષી નેતાએ ટાંક્યા, આ પુસ્તકના અવતરણો ચીનની ઘૂસણખોરી અંગેના છે**

**સ્પીકર** બિરલાએ રાહુલ ગાંધીને અટકાવ્યા, પણ રાહુલ બોલતા અટક્યા નહીં

**શાસક** સભ્યોએ રાહુલનો વિરોધ કર્યો, વિપક્ષે રાહુલને ટેકો આપ્યો, ભારે ધમાલ પછી ગૃહ મોકૂફ



**નવી દિલ્હી, તા. 2:** લોકસભામાં સોમવારે ત્યારે હોબાળો મચી ગયો જ્યારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ 2020ના ભારત-ચીન સંઘર્ષ અંગે પૂર્વ આર્મી ચીફ એમ. એમ. નરવણેની એક અપ્રકાશિત સંસ્મરણીકા ટાંકવાનો પ્રયાસ કર્યો. જો કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ભાજપના અન્ય સભ્યોએ આનો સખત વિરોધ કર્યો હતો અને કોંગ્રેસ નેતા પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ગાંધીને આ મુદ્દો ઉઠાવવાની મંજૂરી આપી ન હતી, પરંતુ તેઓ મક્કમ રહ્યા હતા અને વિરોધ પક્ષના અનેક નેતાઓ પણ તેમને ટેકો આપી રહ્યા હતા. સત્તાધારી અને વિરોધ પક્ષો વચ્ચે ઉગ્ર દલીલોને કારણે થયેલા હંગામા વચ્ચે ગૃહની કાર્યવાહી બે વાર સ્થગિત કરવામાં આવી હતી અને બાદમાં આખા દિવસ માટે મુલતવી રાખવામાં આવી હતી. લોકસભામાં શાસક અને વિપક્ષી બેન્ચો વચ્ચે ભારે તનાવ સર્જાયો હતો. ભાજપે જવાહરલાલા નેહરૂનો મુદ્દો ઉઠાવ્યો હતો કે ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા ચીન અંગે લેવામાં આવેલા નિર્ણયો પર પૂરતી સામગ્રી સાર્વજનિક ક્ષેત્રમાં ઉપલબ્ધ છે, અને આરોપ લગાવ્યો કે તેમણે માત્ર પોતાની રાજદ્વારી છબી ચમકાવવા માટે હજારો એકર જમીન સમર્પિત કરી દીધી હતી.

જ્યારે ગાંધીએ પોતાની વાત ચાલુ રાખી, ત્યારે સ્પીકરે તેમને પુસ્તક ટાંકવા સામે વારંવાર ચેતવણી આપી. ત્યારબાદ સિંહે ઊભા થઈને પૂછ્યું કે જો આરોપ મુજબ પુસ્તક પ્રકાશિત કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી, તો નરવણે તેની સામે કોર્ટમાં કેમ ન ગયા? સંરક્ષણ મંત્રીએ ગાંધી પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો પણ આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસ અને તેના નેતાઓએ આ અવતરણો સોશ્યલ મીડિયા પર પણ શેર કરવાનું શરૂ કર્યું હતું. પત્રકારો સાથે વાતચીત કરતા બાદમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે આ અવતરણોમાં મોદી અને રાજનાથસિંહનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેથી સરકાર મને ગૃહમાં તે ટાંકવા દેતી નથી કારણ કે આનાથી આ બંને નેતાઓ ઉઘાડા પડી જાય તેવો ભય છે.

### સરકારનો વળતો પ્રહાર

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે વિપક્ષના નેતા વારંવાર સ્પીકરના આદેશનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને ભારત વિરોધી તત્વોની ભાષા બોલી રહ્યા છે.

### લોકસભામાં શું બન્યું?

જ્યારે ગાંધી રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ પર બોલવા માટે ઊભા થયા, ત્યારે તેમણે કહ્યું કે તેઓ પહેલા ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યા દ્વારા રાષ્ટ્રવાદ અંગે કોંગ્રેસ પર લગાવવામાં આવેલા આરોપોનો જવાબ આપવા માંગશે. ત્યારબાદ તેમણે જનરલ( નિવૃત્ત)


...અનુસંધાન પાના 13 પર

### નરવણેના પુસ્તકમાંના કયા અવતરણ અંગે વિવાદ થયો?

રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ લશ્કરી વડા નરવણેની સંસ્મરણીકામાંથી જે અવતરણો ટાંક્યા છે તેમાં નરવણેએ ચીની ટેન્કો લદાખમાં કઇ રીતે ઘૂસણખોરી કરવા આગળ વધી હતી અને તે સમયે વડાપ્રધાન મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનો અભિગમ કેવો હતો તેની સિલસિલાબધ્ધ વિગતો આપી છે. રાત્રે 8.15 વાગ્યે: ભારતીય

...અનુસંધાન પાના 13 પર

### જેના અંગે વિવાદ થયો તે નરવણેનું પુસ્તક હજી છપાયું નથી




રાહુલ ગાંધી સંસદમાં જે પુસ્તકના આધારે ડોકલામમાં ચીની ટેન્કો ઘૂસી હોવાનો દાવો કરી રહ્યા છે તે નરવણેની સંસ્મરણીકા 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' હજુ પ્રકાશિત થઈ નથી તે પૂર્વ સેનાધ્યક્ષ જનરલ એમ.એમ.

...અનુસંધાન પાના 13 પર

## ચાંદીમાં ત્રણ દિવસમાં રૂ. 1.44 લાખનું જંગી ધોવાણ

**સોનું** તૂટીને રૂ. 1.52 લાખ પર પહોંચ્યું સોના-ચાંદીના ભાવોમાં ઘટાડાની અસર દુનિયાભરના શેરબજારો પર દેખાઇ

### MCX પર સોના-ચાંદીમાં લોઅર સર્કીટ લાગી

**મુંબઇ :** સોમવારે સોનાના ભાવમાં કડાકો ચાલુ રહ્યો હતો, MCX પર સોનાના ભાવ 6% ઘટીને લોઅર સર્કિટને સ્પર્શ્યા હતા, જે પ્રતિ 10 ગ્રામ આશરે 9,700 નો ઘટાડો દર્શાવે છે. સોમવારે ચાંદીમાં MCX પર ભાવ ૧૨% ઘટીને લોઅર સર્કિટને સ્પર્શ્યા હતા. ચાંદીના ભાવમાં પ્રતિ કિલો અંદાજે ૩૨,૦૦૦/- નો તોતિંગ ઘટાડો નોંધાયો છે.

**નવી દિલ્હી, તા. 2 :** રાષ્ટ્રીય રાજધાનીમાં સોમવારે ચાંદીના ભાવમાં સતત ત્રીજા દિવસે મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવમાં રૂ. ૫૨,૦૦૦નો જંગી ઘટાડો થતા તે પ્રતિ કિલો રૂ. ૨.૬૦ લાખ પર પહોંચી ગઈ હતી, જ્યારે નબળા વૈશ્વિક વલણો અને મજબૂત ડોલર વચ્ચે સોનું ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧.૫૨ લાખ થયું હતું.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીના ભાવમાં રૂ. ૫૨,૦૦૦ અથવા લગભગ ૧૭ ટકાનો કડાકો બોલાતા તે રૂ. ૨,૬૦,૦૦૦ પ્રતિ કિલોગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. અગાઉ શનિવારે આ ધાતુ ૧૯ ટકા અથવા રૂ. ૭૨,૫૦૦ ઘટીને રૂ. ૩.૧૨ લાખ પ્રતિ કિલોગ્રામ પર રહી હતી. છેલ્લા ત્રણ સત્રોમાં, ચાંદીના ભાવમાં તેની ૨૯ જાન્યુઆરીની રૂ. ૪,૦૪,૫૦૦ની સર્વોચ્ચ સપાટીથી રૂ. ૧,૪૪,૫૦૦ અથવા લગભગ ૩૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. ચાંદીના ભાવમાં ત્રણ દિવસમાં રૂ. ૧.૨૦ લાખનો ઘટાડો થયો છે.

૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જે સોમવારે રૂ. ૧૨,૮૦૦ અથવા ૭.૭૩ ટકા ઘટીને રૂ. ૧,૫૨,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ ટેક્સ સહિત) પર આવી ગયું હતું. અગાઉના સત્રમાં તે રૂ. ૧,૬૫,૫૦૦ પર બંધ રહ્યું હતું. છેલ્લા ત્રણ સત્રોમાં, રોકાણકારો દ્વારા નફો વસૂલવાને કારણે સોનું તેની ૨૯ જાન્યુઆરીની રૂ. ૧,૮૩,૦૦૦ની રેકોર્ડ સપાટીથી રૂ.

...અનુસંધાન પાના 13 પર

## પ્લેટિનમના ભાવમાં પણ કડાકો

સોના અને ચાંદી ઉપરાંત, પ્લેટિનમના ભાવમાં પણ નોંધપાત્ર દબાણ જોવા મળ્યું હતું, જેમાં આજના સત્રમાં સ્પોટ પ્લેટિનમ વધુ 14% ઘટીને પ્રતિ ટ્રોય ઔંસ 1,858 ડોલરના નીચલા સ્તરે પહોંચ્યું હતું, જે સતત ત્રીજા દિવસે તેનો ઘટાડો દર્શાવે છે. આજના નીચલા સ્તરને ધ્યાનમાં લેતા, આ ધાતુએ ત્રણ દિવસમાં તેની કિંમતમાં કુલ 30.2% ગુમાવ્યા છે અને તે તેના તાજેતરના 2,885 ડોલરના સર્વોચ્ચ સ્તરથી લગભગ 1,027 ડોલર અથવા 35.6% જેટલું નીચે છે. પેલેડિયમમાં પણ તેના તાજેતરના રેકોર્ડ હાઈથી લગભગ 31%નો ઘટાડો થયો છે. ઓટોમોટિવ કેટાલિટીક કન્વર્ટરમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા પ્લેટિનમ અને પેલેડિયમે 2025માં નોંધપાત્ર વળતર મેળવ્યું હતું, જેમાં સ્પોટ પ્લેટિનમ વર્ષના અંતે 126% ના વધારા સાથે બંધ થયું હતું, જે ઓછામાં ઓછા 1987 પછીનો સૌથી મોટો વાર્ષિક વધારો હતો-જે સોનાની તેજી કરતા પણ બમણો હતો. પેલેડિયમ પણ મર્યાદિત પુરવઠો, ટેરિફની અનિશ્ચિતતાઓ અને સોનાના રોકાણની માંગમાં થયેલા ફેરફારને કારણે વર્ષના અંતે 81% ના જંગી ઉછાળા સાથે બંધ થયું હતું.